# દીકરાને મોકલ્યો ‘ તો ડોલરિયે દેશ...

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

એક દિવસ ગુજરાતી વેપારી ઠાર થાય છે, બીજા દિવસે પંજાબી યુવાનઃ શું કામ મરવા માટે જતું હશે દેવું કરી કરીને આપણું યૌવનધન? અમેરિકામાં બાકી બધું જ હોય પણ જિંદગી નામની જણસની કશી સલામતી જ ન હોય તો એનો વૈભવ એને મુબારક. એવી ઘેલછા તે શા કામની જેને કારણે જીવનું જોખમ સરજાય! પરંતુ આપણા ગુજ્જુ પરિવારો તો છોકરું જન્મે ત્યારથી એના અમેરિકા નિવાસની રમણીય કલ્પનામાં રમમાણ રહે છે. એ તકોની ભોમકા છે. પૃથ્વી પરનું સ્વર્ગ છે. બસ, યેનકેન પ્રકારેણ, ગમે તેવા કારસા કરીને, નૈતિક મૂલ્યોનો છેદ ઉડાડીને છોકરું અમેરિકા ભેગું થાય એટલે ભયોભયો. સાત પેઢી તરી જવાની. એમને ક્યારેય એવો વિચાર તો આવતો જ નથી કે ક્યારેક સાત પેઢી સામટી સમાપ્ત પણ થઈ શકે! એકનો એક, લાડકોડથી ઉછેરી, ભણાવી ગણાવીને મોટો કરેલો લવરમૂછિયો કંધોતર કોઈ કાળિયાની ગોળીનો શિકાર બની જાય અને અમેરિકા જઈ એ ઠરીઠામ થાય, ઘર વસાવી સ્થાયી થઈ વૃદ્ધ માતાપિતાને સાથે રહેવા બોલાવી જાય એ પહેલાં એર


સણકાના ધબકારા વાગ્યા કરે છે
જીવતરના એકેક પાંસળે
આથમતા આયખાના કોડિયામાં હવે તો
ખૂટ્યાં છે તેલ ને દીવેલ
ડોલરિયા દેશથી આવી પવનદેવ
શું પૂરો કરી દેશો ખેલ?
વેચેલા ખેતરમાં ઊભી મોલાત ભાળી
પીવાના નિસાસા તાંસળે!

અદ્દલ આવી જ વ્યથા મોટા ઉપાડે ગજા બહારનો ખર્ચ કરી ઊલટા સીધા રસ્તે પરિવારના લાડકવાયાને પરદેશ વળાવનારા વાલીઓ એક યા બીજા તબક્કે અનુભવતા હોય છે. એ પીડા તો એમણે જાતે જ વહોરેલી હોઈ એને ચુપચાપ સહી લેવી પડે એ સ્વાભાવિક છે.પરંતુ જો હમણાં બની અને અગાઉ

સામે ચાલીને આવકારીશું,પણ ભણવાનું બહાનું બતાવી કમાણી કરીને ડોલર ઘરભેગા કરનારાને તો લીલા તોરણે પરત જ મોકલી દેવા જોઈએ. ‘અમેરિકા ફર્સ્ટ’ આપણો મંત્ર બની રહેવો જોઈએ. સગાં સંબંધીઓને ગેરકાનૂની રીતે આપણા દેશમાં ઘુસાડી આપણા યુવાવર્ગની નોકરીઓ ચાંઉ કરનારા વિદેશી અમેરિકાવાસી

સમુદાયને પણ બોધપાઠ ભણાવવાની જરૂર છે.આ વિચારસરણીએ ભારતીય અમેરિકન નાગરિકો માટે અને અમેરિકામાં ભવ્ય ભવિષ્યની ખોજ કરી રહેલી સ્વપ્નશીલ યુવા પેઢી માટે ભારે મૂંઝવણ ઊભી કરી છે. ભારતમાં બે પાંદડે થવાની તકો નથી,શ્રમ અને સ્તર મુજબની સંતોષપ્રદ આવક કે પગાર નથી બલકે નર્યું શોષણ છે એવા ખ્યાલો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં દઢીભૂત થઈ ગયેલ છે એટલે જોખમ ખેડીને પણ તકોની ભૂમિમાં ઘૂસી જવાની ઘેલછા સર્જાય છે.

ડોલરિયા દેશમાં સ્વચ્છતા હશે, સમૃદ્ધિ હશે, રોજગાર હશે,માની લઈએ કે બધું જ હશે; પણ એ ક્યારેય આપણને ‘આપણો’ લાગવાનો છે? ત્યાં તો મસાલો ખાઈને થૂંકવાની પણ છૂટ નથી !માબાપને



ઈન્ડિયાની ફ્લાઈટમાં એનું કોફીન પાછું આવી જાય. આવી ઘટના એકલદોકલ હોય તો પણ એ ચિંતાજનક તો ગણાવી જ જોઈએ. સાત સમુંદર પાર આંખના રતન જેવા દીકરાને ભણાવી ગણાવીને, મસમોટું દેવું કરીને ડોલરિયા દેશમાં કમાવા અને સ્થાયી થઈ પોતાનું ઘડપણ અજવાળવા ખરાં ખોટાં કાગળિયાં કરીને મોકલી દીધા પછી એને નાનીમોટી નોકરી મળી જાય છે ત્યારે માબાપને તો જીવતર સફળ થઈ ગયું એવો ઓડકાર આવે છે. પણ પછી એક દિવસ ઓચિંતો જ કોઈ કાળિયો એની દારૂની દુકાને આવી કશા પણ પ્રતિકાર વગર બધી કેશ લૂંટી નીકળતી વખતે ધડાધડ આઠદસ ગોળીઓ એની છાતીમાં ધરબી દે છે ત્યારે તો દેશમાં પેટે પાટા બાંધીને જીવતા એ ગરીબડા જીવ સદેહે નરકની ખાણમાં ધસી પડ્યા હોય એવું જ લાગે.

આપણા સાક્ષર ભગીરથ બ્રહ્મભટ્ટ આવી દારુણ ઘટનાને કવિતામાં કંડારીને એ દુખિયારા જીવોનું અવર્ણનીય દુઃખ ચાક્ષુષ કરાવે છેઃ

દીકરાને મોકલ્યો છે ડોલરિયે દેશ
ને દીકરી વળાવી છે સાસરે
ખેતર ને ખોરડાં વેચી પટેલભાઈ
જીવે છે ઉમિયાને આશરે
પટેલ-પટલાણીને આવી ગ્યા મોતિયા
આંખોમાં ઝાંખ પડી ભારે
દીકરીના દેશથી આવેલી ખબર્યુંમાં
ઘેરાણી દીકરી અંધારે

અનેક વખત બની હતી એવી કમનસીબ ઘટના બની જાય તો!

તો તો એ વહાલપના વડલાની પાછલી જિંદગી ઝેર જ બની જાય કે બીજું કંઈ? પછી તો એમને જીવન મોત કરતાં પણ દોહ્યલું લાગે.

અમેરિકાના રાષ્ટ્રપતિ વાત નહીં સમજી શકે.

એ તો એમ જ સમજે છે કે આ ગરીબ દેશોનાં છોકરાં એમના વતનમાં ભૂખે મરે છે એટલે એ કોઠાકબાડા કરીને અમેરિકામાં ઘૂસી જતાં હોય છે અને

**ઇન્વાઇટ કરીને એ એમને ‘ટાઇમ’ આપી શકે છે ખરો? એને તો સતત એની જોબ પાછળ ભાગંભાગ જ લમણે લખાઈ જાય છે અને જોબમાં પણ સરખું રિઝલ્ટ ના આપી શકે એને બોસ કશું જ સાંભળ્યા વગર સીધું જ ફરફરિયું પકડાવી દે છે**

પછી પોતાની ઓળખ છુપાવીને જે મળે તે કામ કરવા તૈયાર થઈ જાય છે. પૈસા કમાય છે અને બે પાંદડે થાય છે. આપણાં છોકરાંની તકો આ ઈન્ડિયન છોકરાં ખાઈ જાય એવું શું કામ થવા દેવું? હા, જે વિદેશી છોકરાં ટેકનોલોજીનાં જાણકાર છે અને આપણી આર્થિક સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય એવું કામ કરે છે એમને આપણે

ઉમળકાથી પોતાનો વિદેશી વૈભવ ‘એન્જોય’ કરવા (-અલબત્ત ‘માણવા’ જેવી દેશી વિભાવના તો એ દેશમાં જ ભૂલી ગયો હોય છે -) ઈન્વાઈટ કરીને એ એમને ‘ટાઈમ’ આપી શકે છે ખરો? એને તો સતત એની જોબ પાછળ ભાગંભાગ જ લમણે લખાઈ જાય છે અને જોબમાં પણ સરખું રિઝલ્ટ ના આપી શકે એને બોસ કશું જ સાંભળ્યા વગર સીધું જ ફરફરિયું પકડાવી દે છે. વીક એન્ડ પૂરતો એ એમની ખાતરબરદાસ કરશે. સ્વામિનારાયણ ટેમ્પલમાં થતાં ગેધરિંગમાં લઈ જશે, કેસીનો બતાવશે, ડિઝનીલેન્ડ કે ગ્રેટ કેન્યન ફોલ્સ જોવા લઈ જશે અને કોઈ પાકિસ્તાની રેસ્ટોરાંમાં ગુજરાતી ડિશ પણ જમાડી ઓડકાર ખાશે પરંતુ એ પણ સમજે છે કે એના માથા પર ટ્રંપની તલવાર ઝળૂંબી રહેલી છે. એને સતત સાબદા રહેવું પડે છે. ક્યારે હાથપગમાં લોખંડી બેડીઓના મોજા પહેરાવી પ્લેનમાં ચડાવી ડિપોર્ટ કરી દે, કહેવાય નહીં!

નિરાંતે ઊંઘી શકાય એવી સલામતી તો આપણા મલકમાં જ હોં કે ભઈલા ! ભલે સૂકો રોટલો ખાઈને ઊંઘી જઈએ પણ દેન છે કોઈની કે આપણને આપણી ખાટલીમાંથી કાચી ઊંઘમાંથી ઉઠાડી શકે? અરે,આપણી પોરીઓ દિલ્લી જઈને ભલભલા પરધાનોને મંતરી આવે.માબેન સામે નાગી ગાળો ભાંડી આવે તો પણ સરકારને નીચી મૂંડીએ સાંભળી લેવી પડે! આખરે ગમેતેમ તો પણ આપણો દેશ એટલે આપણો દેશ.

તુલસીદાસ કહે છે એ સાચું છેઃ પરાધીન સપનેહુ સુખ નાહિ !




# કોઈ પણ વાઇરલ વિડિયોની ઘટનાના જજ બનતા પહેલાં...

**અબીલ ગુલાલ**
જયવંત પંડયા

ભારતમાં નવું-નવું વૉટ્સઍપ આવ્યું ત્યારે આમ જુઓ તો માનવતાવાળી અને આમ જુઓ તો આંધળુકિયું ફૉરવર્ડ કરવાની ટેવવાળી વાત બનતી. કોઈ બાળક કે વડીલ ગૂમ થયાના સમાચાર આવે એટલે તેને ફૉરવર્ડ કરવા માંડે. ઘણી વાર એવું બનતું કે ગૂમ થયેલા બાળક કે વડીલ મળી ગયા હોય અને પાછા ઘરે આવી પણ ગયા હોય. તોય જેમ, સરકારી પોલીસ કે અન્ય ચોપડે અપડેટ ન થાય તેમ, લોકોના ચોપડે પણ તે અપડેટ ન થાય અને પૉસ્ટ ફરતી રહે.

આવી એક રમૂજી ઘટના બીજી પણ હતી. એક અંધ ભાઈ તેમની લાકડીના આશ્રયે રસ્તા પર ઊભા હતા. કોઈ પરગજુ વ્યક્તિને થયું કે લાવો તેમની મદદ કરાવી દઉં. એટલે તે એ ભાઈનો હાથ પકડીને ભરચક ટ્રાફિકની વચ્ચે રસ્તો પાર કરાવીને બીજી બાજુ લઈ ગયો. વળી, અંધ ભાઈ ત્યાં ઊભા રહી ગયા. તેમને એમ કે મારા ઘરે જવા માટે રિક્ષા આ તરફથી મળી જશે એટલે મને આ બાજુ કોઈ યુવાન મૂકી ગયો. એટલે તે એ બાજુ ઊભા રહી ગયા. વળી, ત્યાંથી પેલો યુવાન પોતાનું કામ પતાવીને એ બાજુ ચાલતો આવતો હતો. આ અંધ ભાઈ રિક્ષાની આશામાં તે દિશામાં ફૂટપાથના બદલે જરા રસ્તા પર આવી ગયા હતા. એટલે પેલો યુવાન ફરી તેમને રસ્તો પાર કરાવી ગયો.

ઘણી વાર સહાય કરવામાં ઊંધું વેતરાઈ જતું હોય છે. આવી જ રીતે સૉશિયલ મીડિયા પર કોઈ ઘટના બને તો તેના વિશે તરત જ અવલોકનભરી ટીપ્પણી મૂકાઈ જતી હોય છે. ભારતીયો તો છે જ આવા. કોઈ ગતાગમ જ નથી પડતી. આવું જ તાજેતરમાં ત્યારે થયું જ્યારે એક હાઈવે પર નીચે બેસીને એક પરિવારના લોકો જમતા હોય તેનો વિડિયો વાઈરલ થયો. આ વિડિયોમાં ૨૦થી ૨૫ લોકો હાઈવે પર નીચે પંગત પાડીને બેસીને ભોજન લેતા હોય તેવો હતો. આમ જુઓ તો સારું લાગે કે ડાઈનિંગ ટેબલ પર બેસવાની આજકાલ લોકોને ટેવ પડી ગઈ છે અને પીરસવાની ટેવ પણ ચાલી ગઈ છે ત્યારે આ રીતે પરિવાર સાથે બેસીને પંગતમાં લોકો જમે છે અને તેમને તેમના પરિવારના કેટલાક લોકો પીરસી રહ્યા છે.

**એક ભાઈએ પરિવાર સાથે રસ્તા પર બેસીને ભોજન લેતા હોય તેનો વિડિયો બનાવીને મૂક્યો અને થઇ ગયું વાતનું વતેસર**

પરંતુ સૉશિયલ મીડિયા પર ભારતીય લોકોને ભાંડવા આતુર લોકોએ ટીપ્પણી ચાલુ કરી દીધી,

“આ જુઓ, ભારતીય લોકોની સિવિક સેન્સ !”

“આપણા ભારતીયોને કંઈ ખબર જ નથી પડતી. ગમે ત્યાં બેસીને ઉજાણી કરવા લાગે.”

“રસ્તા પર બેસીને આમ, જમાતું હશે? કેટલા લોકોને તકલીફ પડી હશે?”

આવી કંઈ કેટલીય ટીપ્પણી થઈ ગઈ. સામાન્યતઃ મીડિયામાં પણ વાઈરલ વિડિયોનો હવે વિભાગ રાખવામાં આવે છે. અને તેમાં પણ સંપાદક ટીપ્પણીઓમાંથી પોતાની રુચિ અનુસાર ટીપ્પણીઓ ગોતીને લે. પરંતુ એક મીડિયાએ આવું ન કર્યું. તેના પત્રકારે વિડિયોને ટ્રેસ કર્યો. જે વ્યક્તિએ વિડિયો રેકૉર્ડ કર્યો હતો તેની ભાળ મેળવી લીધી. તો ખબર પડી કે આ વિડિયો તે વ્યક્તિના પરિવારનો જ હતો. અને વિડિયોમાં જે દેખાતું હતું તેવી કોઈ વાત નહોતી.

તો વાત શું હતી?

વાત એવી હતી કે રાજસ્થાનના ચિત્તોડગઢના નિવાસી શિવપ્રકાશભાઈ, જેમણે આ વિડિયો ઉતાર્યો હતો, તેમના પરિવારે આ રીતે ભોજન લીધું હતું. તે દિવસે હરિયાલી અમાવસ્યા હતી. ગુજરાતી પંચાંગ પ્રમાણે અષાઢની અમાસ. ૧૨ ઑગસ્ટ. આ અમાસ નિમિત્તે તેમનો પરિવાર ચિત્તોડગઢની સીમાએ આવેલા સુંદર મેનાલ ધોધ પાસે ગયો હતો. પાછા ફરતી વખતે ભોજનનો સમય થઈ ગયો. આથી તેમનો પરિવાર નેશનલ હાઈવે પર એક નિયત પાર્કિંગ સ્થળે ઊભો રહ્યો. અને ડાબી બાજુ તેમનું વાહન પાર્ક કર્યું. અને પછી એકદમ શાંતિથી નીચે બેસી ભોજન લીધું. અને તેમાં માત્ર પંદર મિનિટ જ વ્યતીત થઈ હતી. તેમણે હાઈવે કે બીજો કોઈ રસ્તો બ્લૉક કર્યો નહોતો.

પરંતુ આ રીતે રસ્તાની સાઇડમાં ખુલ્લા આકાશ નીચે ભોજન લેવાની જે મજા આવે તેની યાદ બનાવી લેવા તે ભાઈએ વિડિયો રેકૉર્ડ કરી લીધો અને વળી, બીજા લોકોને પણ આનંદ આવે તે માટે સૉશિયલ મીડિયા પર પણ મૂકી દીધો.

એ ભાઈને શું ખબર કે તેમનો આ વિડિયો આનંદનો નહીં, બળતરાનો વિષય બની જશે !

## બહુશ્રૂત

અનુસંધાન પાના એકનું

યુદ્ધની વચ્ચે હતો જે અઢાર દિવસ ચાલ્યું. એ યુદ્ધને પોતાનું નામ ધરાવતી ભૂમિ હતી. સેનાઓ ઓળખાતી હતી. શત્રુઓ એકબીજાની સામે ઊભા હતા. નિયમો હતા; ભલે વારંવાર તૂટતા રહ્યા હોય. મને ખબર હતી કે યુદ્ધ કોને જોઈએ છે, કોણ એનાથી ડરે છે, કોને એમાંથી લાભ થવાનો છે અને શાંતિ માટે વાત કોની સાથે કરવાની છે.

અને હા, પહેલાં મેં શાંતિનો પ્રયત્ન કર્યો હતો. હું દૂત બનીને ગયો હતો.

નિઃશસ્ત્ર. એવી સભામાં, જ્યાં બેઠેલા મોટાભાગના લોકોએ પહેલેથી જ નક્કી કરી લીધું હતું કે સાંભળવું નથી. છેવટે મેં રાજ્ય પણ નહોતું માગ્યું.

માત્ર પાંચ ગામ માગ્યાં હતાં. એ સભામાં મારી રાહ જોતા અહંકારને હું ઓળખતો હતો. આ વાતચીત ક્યાં જઈને અટકશે એનો પણ મને અંદાજ હતો. તોય હું ગયો. મેં સભા ટાળી નહોતી. તમે વારંવાર સભા સુધી જવાનું જ ટાળી દો છો; અને એને ‘વ્યૂહરચના’કહો છો. આજે તમે જે કરી રહ્યા છો એને હું શું કહું?

તમારાં યુદ્ધો હવે હંમેશાં પોતાની ઓળખ જાહેર નથી કરતા. પોતે યુદ્ધ છે એમ કહીને નથી આવતા. તમારા છેતરામણા યુદ્ધોમાં હું શા માટે સારથિ બનું ભલા? એ મિસાઈલથી પણ લડાય છે અને બજારથી પણ. ટેરિફથી પણ અને ટેક્નૉલૉજીથી પણ, પ્રચારથી પણ અને એવા ડ્રોનથી પણ, જેના હુમલાની જવાબદારી લેવા કોઈ તૈયાર નથી.

હિંસાનો આદેશ આપનાર માણસ કદાચ એ માણસથી હજારો કિલોમીટર દૂર બેઠો હોય છે જેના પર એ હિંસા વરસવાની છે. ભોગ બનનારનેકદાચપોતાનાશત્રુનુંનામપણક્યારેયખબરનપડેઅનેહુમલો કરનારને કદાચ પોતાના ભોગની આંખોમાં ક્યારેય જોવું પણ ન પડે.

કુરુક્ષેત્રને તો ઓછામાં ઓછું એક યુદ્ધમેદાન હતું. તમારાં યુદ્ધો એટલો વિવેક પણ રાખતાં નથી. મને માત્ર એટલો જવાબ આપો કે, હું ઊભો ક્યાં રહું?

અને પછી હજી એ આફતો છે, જેને તમે હજી પણ બહુ સહેલાઈથી ‘કુદરતી’ કહી દો છો. જ્યાં ક્યારેક નદીઓ વહેતી હતી ત્યાં બાંધકામ કરીને વધુ વિનાશક બનાવેલાં પૂર. નફા માટે ચીરી નાખેલા પહાડો પરથી ધસી આવતી માટી. સરોવરોને રિયલ એસ્ટેટમાં ફેરવી દીધા પછી પાણીમાં ડૂબતાં શહેરો. અને દાયકાઓ સુધી આંખ આડા કાન કર્યા પછી અસહ્ય બની ગયેલી ગરમી. આશ્રય તમે નષ્ટ કરો છો. જોખમ તમે ઊભું કરો છો. અને પછી બચાવવા માટે આકાશ તરફ જુઓ છો.

તમને હજી પણ લાગે છે કે હું ફરી કોઈ પર્વત ઊંચકી લઈશ. એક વાર ઊંચક્યો હતો. એક એવા ગામ માટે, જેને પોતાનો ભય ક્યાં મૂકવો એની ખબર નહોતી. મેં ગોવર્ધન ઊંચક્યો અને લોકો એની નીચે એકઠા થયા. વાવાઝોડું પસાર થયું ત્યાં સુધી, સાથે રહ્યા. તમને મારી ટચલી આંગળી યાદ રહી. એની નીચે ઊભેલા લોકો ભૂલાઈ ગયા. આજે પણ તમે ઉપર જ જુઓ છો.

તમે સર્જેલાં વાવાઝોડાંની આગાહી કરતા ઉપગ્રહો તરફ. જે તોડવામાં પોતાનો લાભ હતો એ જ ફરી બાંધી આપવાનું વચન આપતા નેતાઓ તરફ અને આકાશ તરફ; ક્યાંકથી કોઈ હાથ ઊતરશે અને બધું ફરી ઠીક કરી દેશે એવી આશામાં. એ હાથ નીચે નહીં ઊતરે. સ્વાભાવિક છે, આ વાત જન્માષ્ટમીની સજાવટમાં કે શણગારમાં ક્યાંય લખી નહોતી.

અને હા, જો તમને અત્યાર સુધી એવું લાગવા માંડ્યું હોય તો સ્પષ્ટ કરી દઉં કે હું ગુસ્સે નથી. ગુસ્સો મારું પહેલું સાધન ભાગ્યે જ રહ્યો છે. મને હંમેશાંથી સમજાવવું વધુ ગમ્યું છે. ધીરજ રાખવી ગમી છે. થોડી લીલા કરવી ગમી છે.

અને જરૂર પડે ત્યારે, તમારી સામે એક અણગમતો અરીસો ધરવો ગમ્યો છે. તમને તો હંમેશાં વાંસળી જ વધુ ગમી. કારણ કે વાંસળી તમારી પાસેથી કશું માગતી નથી. એને શણગારી શકાય. એનો ફોટો પાડી શકાય. મારી મૂર્તિની બાજુમાં મૂકી શકાય.

અરીસો જોવો થોડો વધુ મુશ્કેલ છે. એ કદાચ તમને બતાવી દે કે ધર્મ અને તમે ખરેખર પસંદ કરેલા જીવન વચ્ચે કેટલું અંતર છે. એ જ અંતર, જે ન જોવાની કળા શીખવામાં તમે આખી જિંદગી કાઢી નાખી. તો જન્માષ્ટમીના બે દિવસ પછી, દીવા સંકેલી ચૂકેલા તમને મારે માત્ર એટલું જ કહેવું છેઃ

હું ફરી ક્યારે આવીશ એ પૂછવાનું બંધ કરો. હું કોઈ દૂરના લોકમાં બેઠો નથી કે વધુ અનુકૂળ યુગ આવે ત્યારે તમે મને બોલાવી લો. હું આજે પણ તમારી બાજુની બેઠક પર જ બેઠો છું.

હા, એટલું જરૂર જોઉં છું કે રસ્તો જેવી જ કોઈ એવી દિશામાં વળે છે, જ્યાં તમે જોવા નથી માગતા, તમે તરત લગામ તમારા હાથમાં લઈ લો છો. મુશ્કેલી ક્યારેય મારી ગેરહાજરી નહોતી. મુશ્કેલી એટલી જ છે કે મોટા ભાગના દિવસોમાં તમને એવું જ ગમે, હું હાથમાં વાંસળી રાખું, કંઈક સુરીલું વગાડતો રહુંઅને કશું બોલું નહીં.

## કબીરા ખડા બજાર મેં

અનુસંધાન પાના એકનું

રોલિંગ એરફ્રેમ મિસાઈલ માળખાનું ઉત્પાદન થતું રહ્યું હતું અને દાયકાઓ સુધી આ સહયોગ સફળ નિવડ્યો હતો. અમેરિકા વતી અમુક પેટ્રિઅટ મિસાઈલનું નિર્માણ જાપાન ઓલરેડી કરે છે.

આ ઉપરાંત ઍડવાન્સ્ડ, મિડિયમ રેન્જની ઍર ટુ ઍર મિસાઈલોનું અમેરિકા વતી નિર્માણ કરવા ગયા વરસે જાપાન સહમત થયું છે. બીજી તરફ જર્મનીનાં અમુક એકમોને પૅટ્રિઅટ પીએસી-ટુ પ્રકારની ઈન્ટરસેપ્ટર (આવતી મિસાઈલોને તોડી પાડે એવી) મિસાઈલોનું ઉત્પાદન કરવા માટે પણ પરવાનાઓ અપાયા છે. જો કે આ પ્રકારના સહયોગોને અમેરિકાની વર્તમાન પૉલિસી મુખ્યત્વે મુશ્કેલ બનાવે છે, તેવું કારણ છે અમેરિકાનો 1976નો આર્મ્સ ઍક્સપોર્ટ કન્ટ્રોલ ઍક્ટ. દુશ્મનો કે હરીફોના હાથમાં સંવેદનશીલ ટેક્નૉલૉજી પહોંચી ન જાય તે ઈરાદાથી આ કાનૂન ઘડાયો હતો. અમેરિકન શસ્ત્રોનો ઉપયોગ થર્ડ પાર્ટીઓ દ્વારા કેવી રીતે થાય છે તેના પર અમેરિકાની નજર રહે તે પણ કાનૂન પાછળનો હેતુ હતો, જે લાગે છે કે બર આવ્યો નથી. પાકિસ્તાને ભારત સામે જ તેનું ઉલ્લંઘન કર્યું છે. અમુક અમેરિકન તજજ્ઞો માને છે કે અમેરિકા એના મિત્ર દેશો પાસે શસ્ત્રોનું નિર્માણ કરાવવા માગતું હોય તો શસ્ત્રોના વપરાશ પર નજર રાખવાની નીતિ છોડી દેવી જોઈએ.

ઑસ્ટ્રેલિયા, યુ.કે. અને અમેરિકા વચ્ચે ત્રિપક્ષીય ભાગીદારી છે જે ‘ઑકુસ’ના નામે ઓળખાય છે. વિદ્વાનો કહે છે કે આ ભાગીદારી અમેરિકાની શસ્ત્રોની તંગીનો તોડ કાઢી શકે છે. તેઓ આ સહયોગને વધુ મજબૂત અને સાર્થક બનાવવા પર ભાર મૂકે છે. સિક્યોરિટી એરેન્જમેન્ટ દ્વારા આજે પણ સંવેદનશીલ ટેકનોલોજી પર અંકુશ અથવા નિયંત્રણ રાખી શકાય છે. કરારો કરીને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીનું રક્ષણ થઈ શકે છે. બીજા અને ત્રીજા પક્ષકારો વચ્ચેનાં શસ્ત્રોના સોદા પર પણ નિયંત્રણ શક્ય છે. જો અમેરિકા એના મિત્ર દેશો સાથે નવી નીતિઓ અપનાવી નવા સહયોગ સાધશે તો જલ્દીથી એમાં શસ્ત્રભંડારો છલકાઈ જશે એવી ત્યાંના રક્ષાવિદોની માન્યતા છે. અમેરિકા અને મિત્ર દેશોના હરીફો કે દુશ્મન તરીકે રશિયા, ચીન, ઈરાન અને ઉત્તર કોરિયા છે. તેઓ એકમેક સાથે મળીને શસ્ત્રોનું સંશોધન અને નિર્માણ કરે છે. ચીનની પોતાની જ શસ્ત્રનિર્માણ ફેસિલિટીઝ અમેરિકા કરતાં મોટી છે. અમેરિકા એના વિશ્વાસુ સાથી દેશોનો સહયોગ લેશે તો જ ચીન-રશિયાની ધરીને પડકારી શકશે. અમેરિકાના યુરોપિયન મિત્ર દેશો હવે પોતપોતાની જરૂર અને ક્ષમતા મુજબ પોતાની અલાયદી રીતે શસ્ત્રોનું ઉત્પાદન કરતા થયા છે. અમેરિકાની યુરોપ અને નાટોને લગતી પૉલિસી તેમ જ અમેરિકાનું વર્તન યુરોપને મિત્રતાના સિગ્નલ આપતું નથી. અમેરિકાએ રશિયા-ચીનના જોડાણને ખાળવું હશે તો યુરોપના દેશોને વિશ્વાસમાં લઈ સામૂહિકપણે વધુ સમૃદ્ધ શસ્ત્રોનાં ઉત્પાદનનું આયોજન કરવું પડશે. જૂની ધારણાઓને આગળ ધરીને અમેરિકા યોગ્ય લશ્કરી પ્લાનિંગ કરી શકશે નહીં.

## ટાઇમ લાઇન

અનુસંધાન પાના સાતનું શેષ

અમદાવાદમાં ત્રણ સ્થળો પર પાડવામાં આવેલા દરોડામાં ૪,૮૫૦ કિલો નકલી ગાયનું ઘી પકડાયું હતું,જે રિધમ અને વચનામૃત નામની બ્રાન્ડ હેઠળ વેચવામાં આવતું હતું. આ નકલી ઘીનું ઉત્પાદન દસ્ક્રોઈ તાલુકાના પાલડી-કાંકજ ગામની સાર્થક ફૂડ પ્રોડક્ટ નામની ફેક્ટરીમાં કરવામાં આવતું હતું અને ગુજરાતભરમાં તેનું વેચાણ કરવામાં આવતું હતું. (૨) બનાસકાંઠાના માલગઢનો વેપારી બનાસ ડેરીના નામે નકલી ઘી બનાવીને બજારમાં દેશી ઘી તરીકે વેચતો હતો. આ વેપારીને ૨૦ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. જાણીતી ડેરીઓના નામે વેચાતું શુદ્ધ ઘી ખરીદનારાઓ માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.

(૩) અમદાવાદ નજીકના નાના ચિલોડા પાસે અવાવરુ જગ્યામાં ધમધમતી નકલી ઘીની ફેક્ટરી પર દરોડા પાડીને તેમાંથી ૧,૩૦૦ કિલો નકલી ઘી જપ્ત કરવામાં આવ્યું હતું. આ નકલી ઘી વનસ્પતિ તેલો, મિલ્ક પાવડર, ક્રીમ અને કૃત્રિમ ગંધનો ઉપયોગ કરીને બનાવાતું હતું. ૪) અરવલ્લી જિલ્લામાં આવેલા ભિલોડા ગામની સાબર ઈન્ડસ્ટ્રીઝમાં દરોડા પાડીને શ્રી ડેરી પ્રોડક્ટના નામે ચાલતી ફેક્ટરીમાંથી ૪,૪૩૬ કિલો નકલી ઘી જપ્ત કરવામાં આવ્યું હતું. (૫) પાલનપુરના અધિક કલેક્ટર દ્વારા ડીસાની એક દુકાનમાંથી ઓમ ક્રિષ્ના બ્રાન્ડના ઘીના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આ ઘી નકલી પુરવાર થતાં ડીસાના ઘીના વેપારીને એક લાખ, હિંમતનગરના વિતરકને બે લાખ અને દસક્રોઈના ઉત્પાદકને પાંચ લાખનો દંડ કરવામાં આવ્યો હતો.

કેટલાક લોકો દલીલ કરે છે કે અમૂલ કે સાગર જેવી ડેરીઓ દ્વારા વેચવામાં આવતું ઘી તો શુદ્ધ હોય છે ને? તે વાપરવામાં શું વાંધો? તેનો જવાબ એ છે કે ડેરી દ્વારા ઉત્પાદિત ઘી દૂધને જમાવીને બનાવવામાં નથી આવતું પણ તેની મલાઈને ગરમ કરીને બનાવવામાં આવે છે. આ મલાઈ દેશી ગાયના દૂધની નથી હોતી પણ જર્સી કે હોલિસ્ટિન જેવી ગાયના દૂધની હોય છે, જે હકીકતમાં ગાય નથી પણ ડુક્કરના વર્ગનું એક પ્રાણી છે. આ મલાઈ ડેરીમાં દિવસો સુધી પડી રહી હોય છે, જે વાસી હોવાથી તેમાં બેઈન્દ્રિય જીવોની ઉત્પતિ થાય છે, માટે તે ઘી હિંસક બની જાય છે. વળી દેશી ગાયના દૂધના દહીંને દેશી વલોણા દ્વારા વલોવી, તેના માખણમાંથી જે ઘી મેળવવામાં આવે છે, તેમાં જે આરોગ્યપ્રદ ગુણો હોય છે, તે વાસી મલાઈમાંથી બનાવેલા ઘીમાં હોતા નથી. વળી ડેરીના ઘીમાં વિદેશમાંથી આયાત કરવામાં આવતો બટર ઓઈલ નામનો ભેદી પદાર્થ ભેળવવામાં આવે છે, જે કતલ કરાયેલી ગાયની ચરબીમાંથી બનાવવામાં આવ્યો હોય તેવી શંકા રહે છે. કેટલાક વેપારીઓ ડેરીનું ઘી ખરીદીને, તેમાં વનસ્પતિ ‘ઘી’ની ભેળસેળ કરીને, તેમાં બાફેલા બટાટાનો માવો, કૃત્રિમ કલર, કૃત્રિમ સુગંધ વગેરે ભેળવીને બજારમાં શુદ્ધ ઘી તરીકે વેચતા હોય છે.